# માનરેગા યોજનાના પડતર પ્રશ્નો માટે બાયડ નાયબ કલેકટરને આવેદનપત્ર



બાયડ, તા.૨૬

મનરેગા યોજના અમલમાં આવે ૧૦ વર્ષ કરતા પણ વધુ સમય ગાળો વીતી ગયો હોવા છતાં કામદારોના પ્રશ્નોનો નિરાકરણ આવી નથી રહ્યું સાથે સાથે આ યોજનામાં અનેક સમસ્યાઓ પણ રહેલી છે

વારંવાર આ યોજનાના કામો પણ બંધ કરી દેવામાં આવે છે ત્યારે તમામ પ્રશ્નોનો નિરાકરણ આવે તે માટે કામદાર યુનિયન દ્વારા પડતર ૭ માંગણીઓદ્નો યોગ્ય નિકાલ લાવવામાં આવે તેવી માંગ સાથે અરવલ્લી જીલ્લાના બાયડ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું

આ યોજનામાં કરાયેલી માંગ મુજબ સિંચાઈ માટે કુવાઓની ફાળવણી, મનરેગાના વહીવટ માટે પૂરતા સ્ટાફ ની નિમણુક, કામના સ્થળે પ્રાથમિક સુવિધાઓ, પીવાના પાણીની સુવિધા, નિયમિત રીતેના હિસાબો માટે ગ્રામસભા યોજવી તેમજ આ યોજના હેઠળ વર્ષ દરમ્યાન ૧૦૦ દિવસના બદલે ૨૦૦ દિવસની રોજગારી વ્યક્તિ દીઠ આપવી તેમજ લાગુત્તમ વેતન દરના બદલે કામદારને દૈનિક ૩૫૦ રૂપિયા પ્રમાણે વેતન આપવું. આ તમામ માંગો સાથે રાષ્ટ્રીય રોજગાર ખાતરી કાયદા હેઠળના કામદારોના યુનિયન દ્વારા આગામી દિવસોમાં ઉચ્ચસ્તરીય આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઈ હતી.

### સદભાવના ગ્રુપ દ્વારા ઐતિહાસિક ઘટના સ્વરૂપ

# ૫૫૦ બહેનો હેલ્મેટ પહેરી ટુ-વ્હીલર રેલીથી મુખ્યમંત્રીનું સ્વાગત કરશે

**સદભાવના ગ્રુપ દ્વારા જીલ્લા આરટી.ઓ વિભાગ અને જીલ્લા પોલીસ વિભાગના સહયોગથી આરટીઓ કચેરી પાલનપુર મુકામે ચાલતા વિદ્યાર્થી ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પમાં લાઈસન્સ પ્રાપ્ત કરનાર બહેનો દ્વારા ટુ-વ્હીલર રેલી**

પાલનપુર, તા.૨૬

સદભાવના ગ્રુપ દ્વારા જીલ્લા આર.ટી.ઓ વિભાગ અને જીલ્લા પોલીસ વિભાગના સહયોગથી આરટીઓ કચેરી પાલનપુર મુકામે ચાલતા વિદ્યાર્થી ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પમાં લાઈસન્સ પ્રાપ્ત કરનાર ૮૦૦૦ (આઠ હજાર) વિદ્યાર્થીઓ પેકીની ૫૫૦ બહેનો ડ્રાઈવિંગ લાઈસન્સ અને હેલ્મેટ સાથે સમ્પૂર્ણ કાયદાના પાલન સાથે સાંજે ૫:૦૦ વાગ્યે એરોમા સર્કલ પાલનપુરથી પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાલનપુર સુધી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું સ્વાગત કરશે અને પાલનપુરની જનતાને કાયદાના પાલન લાઈસન્સ અને હેલ્મેટ સાથે વાહન ચલાવવાનો સંદેશો આપશે. આટલી મોટી સંખ્યામાં બહેનો એકત્રિત થઈ કાયદાના પ્લાન સાથે રેલી કરતી હોય એવી આ ગુજરાત ની પ્રથમ ઘટના હશે.

# હિંમતનગર સ્પાઉચ કલબ તથા ઈન્ડિયન મેડીકલ એસો. દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર સ્પાઉચ કલબ તથા ઈન્ડિયન મેડીકલ એસોસીએશનના સહિયારા પ્રયાસથી જમ્મુ-કાશ્મીરના ઉરી સેકટરમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કાર્યક્રમ તથા કેન્ડલ માર્ચ રેલીનું રવિવારે સાંજે પંચદેવ મંદિર મહાવીરનગર સર્કલ ખાતે કરાયુ હતું. કાર્યક્રમના આયોજનમાં સ્પાઉચ કલબના પ્રમુખ ડાૅ. અનિતાબેન પુરોહિત, મંત્રી સીમાબેન, ડાૅ.નૈનિષ પાઠક, ખજાનચી જીનલબેન, ડાૅ. હિતેષ પટેલ, ભૂતપૂર્વ પ્રમુખ ગીતાબેન શાહ તથા આઈએમએ પ્રમુખ ડાૅ. નવીન મોદી, મંત્રી ડાૅ.નૈનિષ પાઠક તથા સ્ટાફે ભાગ લીધો હતો.

# ડીસાના ગણેશપુરામાં ૨૫ વર્ષથી કાર્યરત શાળામાં પાણીની કાયમી વ્યવસ્થા નથી

**ટાંકી ભરવા આવતા પાલીકાના ટેન્કરના ઠેકાણા નથી : ખાનગી બોરનું પાણી આવે છે પરંતુ લાઇટકાપ સમયે તકલીફ પડે છે**



ડીસા, તા. ૨૬

સરકાર દ્વારા શિક્ષણ પાછળ વર્ષે દહાડે કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે. શાળામાં અભ્યાસ કરતા બાળકોને તમામ પ્રકારની સુવિધાઓ તાત્કાલીક પુરી પાડવાના આદેશોની વાતો ચાલી રહી છે. ત્યારે ડીસા શહેરના વોર્ડ ૩ માં આવેલી ગણેશપુરા પ્રાથમિક શાળામાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને પીવાના પાણીની કાયમી વ્યવસ્થા જ નથી આ શાળા છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત છે. છતાં બાળકોને તરસ છીપાવવા માટે આસપાસના ઘરોનો સહારો લેવો પડે છે. શાળામાં આવેલી પાણીની ટાંકી ભરવા આવતા ટેન્કરનું કોઈ ઠેકાણું નથી જેમાં બાળકોને ભારે હાલાકીના સામનો કરવો પડે છે.ડીસા શહેરમાં આવેલા ગણેશપુરા પ્રા.શાળા છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત છે. પાલીકાના વોર્ડ - ૩ માં આવેલી આ પ્રાથમિક શાળાની સ્થાપના ૧૯૮૭ માં કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી બાળકોને પીવાના પાણી માટે કાયમી ધોરણે વ્યવસ્થા કરવામાં આવી નથી. શાળામાં બનાવવામાં આવેલી ટાંકી ભરવા આવતા ટેન્કરના કોઈ ઠેકાણા નથી બાજુમાં ખેતરમાં આવેલા બોર પરથી કનેકશન લેવાયું છે પરંતુ જયારે લાઈટ કાપ, મોટર બળે, રાત્રે પાવર હોય ત્યારે બાળકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ બાબતે આ વિસ્તારના રહીશ દશરથજી ઠાકોર સહિત વાલીઓ અને રહીશો દ્વારા પાલીકા તેમજ જીલ્લા કલેકટર સુધી વારંવાર રજુઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા બાળકો અને શિક્ષકોની સમસ્યા ઠેરની ઠેર રહેવા પામી છે ત્યારે આ બાબતે પાલીકા તંત્ર દ્વારા વહેલી તકે ગણેશપુરા પ્રા.શાળામાં કાયમી ધોરણે પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરે તેવી માંગ ઉઠવા પામી છે.

## મધ્યાહન ભોજન માટે પણ સંચાલક ઘરેથી પાણી લાવે છે

શાળામાં ધો. ૧ થી ૮ ના વર્ગો ચાલે છે જેમાં પીવાના પાણીની વ્યવસ્થાના અભાવે મધ્યાહન ભોજનનું સંચાલન કરતા દર્શનાબેન પોતાના ઘરેથી પાણી લાવી બાળકો માટે ભોજન બનાવે છે.

## પાઈપલાઈન નાખવા ઠરાવ થઈ ગયો છે : પાલિકા પ્રમુખ

આ બાબતે પાલિકાના પ્રમુખ પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે, ગણેશપુરાની શાળામાં પીવાના પાણીની પાઈપલાઈન માટે ઠરાવ પણ થઈ ગયો છે આયોજનની ગ્રાન્ટમાંથી શાળા સુધી પાઈપલાઈન નાખી કાયમી ધોરણે બાળકોને પીવાના પાણીની સમસ્યા હલ કરવામાં આવશે.

# ધાનેરામાં પી.આઈ.ની બુટલેગરો સામે લાલ આંખ

**એજ દિવસ માં દારૂ ભરેલી ત્રણ ગાડી સાથે ત્રણ આરોપી ઝડપી પડ્યા :૧૦ લાખ થી પણ વધુ નો મુદ્દમાલ જપ્ત**







ધાનેરા, તા.૨૬

ધાનેરા પી.આઈ. શ્રી આર. કે. પાઠકે એક જ દિવસમાં દારૂ ભારે લઈ ત્રણ ગાડી સાથે ત્રણ આરોપી ઝડપી પાડી ૧૦ લાખથી પણ વધુનો મુદ્દમાલ જપ્ત કરી ગુનો નોંધી આગળ ની તપાસ હાથ ધરી છે.

ધાનેરા શહેર એ ગુજરાત-રાજસ્થાન સરહદ ઉપર આવેલું ગામ છે માટે બુટલેગરો દ્વારા અવનવી રીત અપનાવી ગુજરાતમાં દારૂ ઘુસાડવાનું મોટું નેટવર્ક ચાલી રહ્યું છે ત્યારે તાજેતરમાં ધાનેરા પી.આઈ. તરીકે આવેલા આર. કે. પાઠકે આવા બુટલેગરો સામે લાલ આંખ કરી છે અને વહેલી સવારથી આવા બુટલેગરો ને પાઠ ભણાવાની શરૂઆત કરી હતી.

ધાનેરા પી.આઈ. શ્રી આર. કે. પાઠક પોતાના સ્ટાફ ભેમજીભાઈ, અરજનભાઈ, પ્રકાશભાઈ રબારી તેમજ તેમની ટીમ સાથે રાખી ધાનેરાના અનેક વિસ્તારોમાં નાકાબંધી કરી હતી જેમાં વહેલી સવારે ધાનેરાના ભાજણા ગામની સિમમાંથી એક દારૂ ભરેલી ગાડી ચાલક સાથે ઝડપી પાડી હતી.

ત્યાર બાદ એક ગાડી બપોરના સમયે અને એક ગાડી રાત્રીના સમયે ઝડપી પડી હતી ત્રણ ગાડી અને ત્રણ આરોપી ને ઝડપી રૂપિયા ૧૦ લાખથી પણ વધુ નો મુદ્દમાલ કબજે લીધો હતો.

તો બીજી તરફ પી.આઈ સારી કામગીરી જોઈ ધાનેરા ના લોકોમાં પાંખુશી નો માહોલ જોવા મળ્યો હતો અને લોકોએ આ કામગીરી ને બિરદાવી પણ હતી.



**પ્રાંતિજ-વદરાડ ગામના માર્ગ મંજુર થતા ગ્રામજનો ડે. મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાતે**

પ્રાંતિજથી વદરાડ ગામ વાયા સમાજવાડી એપ્રોચ રોડને તેમજ બાવન ગોળ કડવા પાટીદાર સમાજવાડી પ્રાંતિજ રોડની મંજુરી તંત્ર કક્ષાએથી મળી ગઈ છે. આ માર્ગ અંદાજે ૧૬૮ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવશે. પ્રાંતિજની વદરાડ ગામના માર્ગની મંજુરી પર રાજ્યના ડેપ્યુટી મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે મ્હોર લગાવતા પ્રાંતિજ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો ડે. મુખ્યમંત્રી નીતિનભાઈની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે બાબુભાઈ પટેલ (અશ્વમેઘ), કેતન જોષી, ગોરધનભાઈ પટેલ, દિલિપભાઈ પટેલ, ભક્તિદાસ શેઠ સહિત અનેક સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા.

# આજે પાલનપુર ખાતે મુખ્યમંત્રીના હસ્તે રાજ્ય કક્ષાના ખેલમહાકુંભનો શુભારંભ



પાલનપુર, તા.૨૬

જિલ્લા મથક પાલનપુર માં મુખ્યમંત્રી વિજય રૂપાણી ના વરદ હસ્તે રાજ્ય કક્ષા નો ખેલમહા કુંભ નો શુભારંભ થનાર છે જેની તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે પાલનપુર શહેરમાં ઠેર ઠેર સ્થળે મુખ્યમંત્રી વિજય રૂપાણી ના આગમન ના પગલે હોડીગ્સ લગાવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લા માંથી ખેલ મહાકુંભ માં દોઢ લાખ થી વધુ ખેલાડીઓનું ભાગ લેવા માટે રાજીસ્ટસન થયું છે મુખ્યમંત્રી વિજય રૂપાણી ની હાજરી માં ખેલ મહાકુંભ ના શુભારંભ પ્રસંગે ભવ્ય કાર્યક્રમ નું પણ આયોજન કરવામાં આવ્યું છે જિલ્લા વાસીઓ અને વી વી આઈ પી તેમજ પત્રકારો માટે પણ અલગ અલગ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છેરાજ્ય કક્ષા ના ખેલ મહા કુંભ માં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સહિત સિકયુરિટી ની પૂરતી ગોઠવણી કરવામાં આવી છે હાલમાં પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજ્ય કક્ષાના ખેલ મહા કુંભમાં બનાસકાંઠા જિલ્લા માંથી ભાગ લેનાર બાળકો જોરશોર થી ત્યારી કરી રહ્યા છેઆજે રાજ્ય ના ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજા એ બનાસકાંઠા ના જિલ્લા મથક પાલનપુર માં ખેલ મહાકુંભ ના સ્થળ પર મુલાકાત લઈ આયોજન અંગે ની સમીક્ષા કરી હતી.

## ધાનેરાના વાલેરા ગામ પાસે રીક્ષા પલટી ખાતા ચાર ઘાયલ

ધાનેરાના વાલેરા ગામ પાસે સાંજના સમયે રીક્ષા (છકડો) અચાનક પલટી ખાઈ જતા રિક્ષામાં સવાર ચાર લોકો ઘાયલ થયા હતા તમામ ઘાયલો ને સારવાર અર્થે ૧૦૮ ધ્વરા ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ધાનેરા તાલુકાના વાલેરા અને કરાધની ગામ વચ્ચે રીક્ષા (છકડો) અચાનક પલટી ખાઈ જતા રિક્ષામાં સવાર ધનાભાઈ હરજીભાઈ રબારી ઉ.વ ૨૫ રામભાઈ રૂપાભાઈ રબારી ઉ.વ૫૦ ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ રબારી ઉ.વ૩૦ તમામ રહે ચોર તા-ડીસા વાળા ને ગંભીર ઈજા થતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોક ધ્વરા ધાનેરા ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈ એમ, ટી ગૌરિચંદ્ર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલ માં ખસેડ્યા હતા.



**ધાનેરામાં કોંગ્રેસ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ, પાકિસ્તાન હાય હાયના નારા બોલાવ્યા**

બનાસકાંઠાના ધાનેરામાં કોંગ્રેશ સમિતિ ધ્વરા સહીદથયેલા જવાનો ને શ્રદ્ધાંજલિ આપી પાકિસ્તાન હાય હાય ના નારા બોલાવ્યા...... તો બીજી તરફ ભારત સરકાર સામે રોષ વ્યક્ત કરી જણાવ્યું કે ભારત સરકાર મૂંગા મોઠે તમાશો જોયા કરે છે. ભારત પાકિસ્તાન સરહદ પર ઉરી માં પાકિસ્તાન ધ્વરા નાપાક હરકત કરી હુમલો કરતા ભારત દેશ ના ૧૭ જવાનો શાહિદ થયા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરામાં કોંગ્રેસ સમિતિ ધ્વરા વીર સહીદ શ્રદ્ધાંજલિ આપી હતી અને પાકિસ્તાન હાય....હાયના નારા બોલાવ્યા હતા તો બીજી તરફ કોંગ્રેસના અગ્રણીઓએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કે શહીદો શહીદી વોરતા જાય છે અને ભારત સરકાર જાણે ઘોર નિંદ્રા માં હોય તેમ માત્ર ભાષાનો કરી જાણતા ને સમજાવે છે હવે પાકિસ્તાનને જવાબ આપવાનો સમય આવી ગયો છે માટે આમ જાણતા પણ માંગણી કરે છે કે નાપાક હરકત કરનાર પાકિસ્તાનને ઈંટ નો જવાબ પથ્થર થી આપવો જોઈએ.

# હિંમતનગર આર.ટી.ઓ. સર્કલ નજીકથી ૨ ટાબરીયા ઝડપાયા

એલસીબી ટીમ રવિવારે રાત્રે આર.ટી.ઓ. સર્કલ નજીક પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સાડા નવેક વાગ્યાના સુમારે એક રીક્ષામાંથી બે ટાબરીયા તાંબાના વાયરો સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવતા પુછપરછ દરમિયાન પાંચ ટાબરીયાની ટોળકીએ ચાર જગ્યાએ ચોરી કરી હોવાની બંને ટાબરીયાઓએ કબુલાત કરી હતી.

રવિવારે રાત્રે સાડા નવેક વાગ્યાના સુમારે એલસીબી પી.આઇ. એસ.ડી.પટેલ, પી.એસ.આઇ. ડી.ડી.પરમાર સ્ટાફ સાથે વિજાપુર રોડ ઉપર આર.ટી.ઓ. સર્કલ નજીક પેટ્રોલીંગમાં હતા ત્યારે રીક્ષા નં.જીજે.૯. એએકસ. ૦૩૫૮ માં તાંબાના વાયરો સાથે અશ્વિન વિનુભાઇ વાઘેલા (રહે.વૈશાલી સિનેમા સામે ઝૂંપડામાં) તથા સતીષ શ્રવણભાઇ ભાટ તાંબાના ઇલેકટ્રીક વાયરો સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. તેમની પુછપરછ કરતા તેઓ પોતે તથા બળવંત ઉર્ફે બલ્લી ચંદુભાઇ ભાટ, રાકેશ ઉર્ફે ધનીયો રાજુભાઇ પટણી, કરણ કમલેશભાઇ ભાટ (ત્રણેય રહે.સરકારી આવાસ ગિરધરનગર) સાથે મળીને તા.૨૪/૯/૧૬ ના રોજ બાયપાસ રોડ ઉપરથી જસ્મીન કોમ્પ્લેક્ષમાંથી પાકક્ષગના ભોંયરામાંથી તાંબાના વાયરોની ચોરી, સાતેક માસ અગાઉ મોતીપુરા કેનાલ ઉપરથી અન્ડર ગ્રાઉન્ડ પાઇપમાંથી ટેલીફોન વાયરોની ચોરી, છએક માસ પહેલા હાથમતી વિયરની ઓરડીના ધાબા ઉપરથી સોલર પેનલ બોક્ષમાંથી બેટરી અને વાયરોની ચોરી તથા એક માસ અગાઉ હાથમતી બ્રીજ ઉપર લોખંડની પાઇપમાં નાખેલ અન્ડરગ્રાઉન્ડ કેબલ વાયર કાપીને ચોરી ગયા હોવાની કબુલાત કરી હતી બંને ટાબરીયાઓની કબુલાત બાદ રૂરલ પોલીસ સ્ટેશન, બી-ડીવીઝન પોલીસ સ્ટેશન અને એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના બે મળી કુલ ચાર ગુન્હાનો ભેદ ખુલ્યો હતો.

# મહેસાણા જિલ્લામાં પ્રાન્ત કક્ષાના ગરીબ કલ્યાણ મેળા યોજાશે

મહેસાણા જિલ્લાના પ્રાન્ત કક્ષાના તમામ ગરીબ કલ્યાણ મેળા સવારે ૧૦ કલાકે યોજાનાર છે. જેમાં ૨૯ સપ્ટેમ્બરના રોજ ખેરાલું પ્રાન્ત કક્ષાનો મેળો સતલાસણા ખાતે ગઢવાડા વિસ્તાર, ચૌધરી પંચ (ટ્રસ્ટ) અર્બુદા માતાજીનું મંદિર ખાતે યોજાશે. ખેરાલુ, વડનગર અને સતલાસણા તાલુકાના આ મેળામાં સંસદિય સચિવ ભરતસિહ ડાભી, ૨૦ મુદ્દા કાર્યકારી અધ્યક્ષ કૌશિકભાઈ પટેલ તેમજ ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના ઉપાધ્યક્ષ જીતેન્દ્રભાઈ વાઘેલા ઉપસ્થિત રહેનાર છે.

૩૦ સપ્ટેમ્બરના રોજ મહેસાણા પ્રાન્ત કક્ષાનો મેળો મહેસાણા દુધ સાગર ડેરી ખાતે યોજાશે. મહેસાણા અને ઉંઝા તાલુકાના ગરીબ કલ્યાણ મેળામાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, અને ગુજરાત એગ્રો ઈન્ડ્સ્ટ્રીઝ કોર્પોરેશનના ચેરમેન બાબુભાઈ જેબલીયા ઉપસ્થિત રહેનાર છે.

આ ઉપરાંત વિસનગર પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો વિજાપુર એ.પી.એમ.સી તમાકુ માર્કેટ યાર્ડ ખાતે ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ યોજાશે. આ મેળામાં પાણી પુરવઠા મંત્રી બાબુભાઈ બોખીરીયા સંસદિય સચિવ વિભાવરીબેન દવે, સહભાગી સિંચાઈ ચેરમેન મેઘજીભાઈ કણસરીયા અને સફાઈ કામદારના અધ્યક્ષ દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહેનાર છે.કડી પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ૬ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ કડી સરદાર પટેલ કોટન માર્કેટ યાર્ડ ખાતે યોજાનાર છે. ગરીબ કલ્યાણ મેળામાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ,જિલ્લાના પ્રભારી દિલીપકુમાર ઠાકોર, તેમજ અનુસુચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન રમેશ સોલંકી ઉપસ્થિત રહેનાર છે.

# અંબાજી મંદિરમાં નવરાત્રી અંગેનો કાર્યક્રમ

પાલનપુર, તા. ૨૬

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર અને નાયબ કલેક્ટર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે નવરાત્રિ અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

ઘટસ્થાપન આસો સુદ એકમ, શનિવારને તા. ૧.૧૦.૨૦૧૬, સમય સવારે ૮.૧૫ થી ૯.૦૦

આસો સુદ આઠમ રવિવારને તા. ૯-૧૦-૨૦૧૬ આરતી સવારે ૬.૦૦ કલાકે

ઉત્થાપન રવિવારે તા. ૯-૧૦-૨૦૧૬ બપોરે ૧૧.૩૦થી ૧૨.૧૫

વિજયાદસમી આસો સુદ દસમ મંગળવારને તા. ૧૧-૧૦-૨૦૧૬, બપોરે વિજય મુહૂર્ત ૧૪.૧૯ થી ૧૫.૦૫ કલાકે, સાંજના ૧૫.૦૦ થી ૧૬.૩૦ સુભ ચોઘડીયુ.

દૂધપૌઆનો ભોગ તા. ૧૫.૧૦.૨૦૧૬ને શનિવારના રોજ રાત્રે ૧૨.૦૦ કલાકે તથા કપુર આરતી.

આસો સુદ પુનમ રવિવારે તા. ૧૬-૧૦-૨૦૧૬, આરતી સવારે ૬.૦૦ કલાકે